**Shri Govind Guru University**
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી

(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

ભારત 2023 INDIA

वसुधैव कुटुम्बकम्
ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૩/૬૮૭૨ તા.૨૧/૦૨/૨૦૨૩

પરિપત્ર-૨૯૭૩

સંદર્ભ : આ યુનિવર્સિટીનો તા.૦૩/૦૨/૨૦૨૩ નો પરિપત્ર-૨૯૩૨

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા ઉપરોક્ત સંદર્ભ દર્શિત પરિપત્રથી બી.એડ્. સેમેસ્ટર-૪ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વાર્ષિક પાઠ (પ્રાયોગિક પરીક્ષા) ની તારીખ જાહેર કરવામાં આવે છે. આ સંદર્ભમાં સંલગ્ન તમામ બી.એડ્. કોલેજોના આચાર્યશ્રીઓ, સંબંધિત પરીક્ષાના ચેરમેનશ્રીઓ તથા તાલીમાર્થીઓને જણાવવાનું કે આ પ્રાયોગિક પરીક્ષા (વાર્ષિક પાઠ) ના સંદર્ભમાં નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવા અને તે મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

- **આચાર્યશ્રીઓ માટે :**
  1. આપની કોલેજમાં વાર્ષિક પાઠ સંબંધિત ચેરમેનશ્રીનો નિમણુંક પત્ર અને અન્ય સાહિત્ય આપની કોલેજના અધિકૃત E-mail Id પર મોકલી આપેલ છે
  2. વાર્ષિક પાઠ આપનાર તાલીમાર્થીને તેના અભ્યાસક્રમના ભાગરૂપ ફરજીયાતપણે વિવિધ સ્તરે આપેલ પ્રાયોગિક પાઠની ફાઈલ અને નિરીક્ષણ નોંધ પોથી પરીક્ષા સમયે સાથે રાખવા જણાવવું.
  3. વાર્ષિક પાઠ આપનાર તાલીમાર્થીને તેના અભ્યાસક્રમના ભાગરૂપ ફરજીયાતપણે કરેલ પ્રાયોગિક કાર્યોના કોલેજમાં કરેલ સબમીશન પરીક્ષા સમયે સાથે રાખવા જણાવવું.
  4. દરેક તાલીમાર્થીને પરીક્ષાની તારીખે તેનું કોલેજનું આઈ.કાર્ડ સાથે રાખવા જણાવવું.
  5. વાર્ષિક પાઠના મહેનતાણાની ફાઈલ યુનિવર્સિટી ખાતે પરીક્ષા પૂર્ણ થયાના દિન-૫ માં રૂબરૂ અથવા ફક્ત સ્પીડ/રજીસ્ટર પોસ્ટથી યુનિવર્સિટીમાં જમા કરાવી દેવાની રહેશે. દરેક પ્રકારના બીલ/વાઉચર આચાર્યશ્રીએ પ્રમાણિત કરવાના રહેશે.
  6. દરેક પરીક્ષકના TA/DA અને મહેનતાણાના બીલો ચેરમેનશ્રી દ્વારા ફરજીયાત રીતે પ્રમાણિત કરાવવાના રહેશે. અન્યથા તે બીલો માન્ય ગણાશે નહી. ચેરમેનશ્રીનું TA/DA અને મહેનતાણાનું બીલ જે તે કોલેજના આચાર્યશ્રી/સીનીયર અધ્યાપકશ્રીએ પ્રમાણિત કરવાનું રહેશે.

- **ચેરમેનશ્રી/પરીક્ષકશ્રીઓ માટે :**
  1. અપનો નિમણુંક પત્ર સંબંધિત કોલેજ ખાતે મોકલી આપેલ છે.
  2. દરેક તાલીમાર્થી દ્વારા તેના અભ્યાસક્રમના ભાગરૂપ આપેલ પ્રાયોગિક પાઠની ફાઈલ, નિરીક્ષણ પોથી અને પ્રાયોગિક કાર્યના સબમીશનની ચકાસણી કરવી.
  3. દરેક તાલીમાર્થીના કોલેજ દ્વારા ઈસ્યુ કરેલ આઈ.કાર્ડ. ની ચકાસણી કરી પાઠ આપવા મંજુરી આપવી.
  4. યુનિવર્સિટીની અને આ પરીક્ષાની ગરિમા અને પ્રતિષ્ઠા જળવાય તેની તકેદારી રાખવી.

5. આપને નિમણુંક આપેલ કોલેજના વાર્ષિક પાઠનું અંતિમ ગુણપત્રક, વ્યક્તિગત ગુણપત્રક, વિદ્યાર્થીઓનું હાજરી પત્રક યુનિવર્સિટી દ્વારા મોકલેલ કવરમાં સીલ કરી પરીક્ષા પૂર્ણ થયાના દિન-2 મારૂબરૂમા યુનિવર્સિટી ખાતે જમા કરાવી દેવાના રહેશે.
6. દરેક પરીક્ષકના TA/DA અને મહેનતાણાના બીલ ચેરમેનશ્રીએ ફરજીયાત રીતે પ્રમાણિત કરવાના રહેશે. અન્યથા તે બીલો માન્ય ગણાશે નહી.

- **વિદ્યાર્થીઓ માટે :**

1. દરેક તાલીમાર્થીએ પરીક્ષાના દિવસે વાર્ષિક પાઠ બે નકલમાં તૈયાર કરી સાથે રાખવાની રહેશે અને તેના પર યુનિવર્સિટી દ્વારા ફાળવવામાં આવેલ બેઠક નંબર ફરજીયાતપણે લખવાનો રહેશે.
2. દરેક તાલીમાર્થીએ વિવિધ સ્તરે આપેલ પ્રાયોગિક પાઠની ફાઈલ અને નિરીક્ષણ નોંધ પોથી પરીક્ષા સમયે સાથે રાખવાની રહેશે અને જયારે ચેરમેનશ્રી દ્વારા માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે.
3. દરેક તાલીમાર્થીએ તેના અભ્યાસક્રમના ભાગરૂપ ફરજીયાતપણે કરેલ પ્રાયોગિક કાર્યોના કોલેજમાં કરેલ સબમીશન પરીક્ષા સમયે સાથે રાખવાના રહેશે અને જયારે ચેરમેનશ્રી દ્વારા માંગવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે.
4. દરેક તાલીમાર્થીએ પરીક્ષાની તારીખે પોતાનું કોલેજનું આઈ.કાર્ડ સાથે રાખવાનું રહેશે. અને ચેરમેનશ્રી/પરીક્ષકશ્રી દ્વારા માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા બી.એડ. અભ્યાસક્રમની પ્રાયોગિક પરીક્ષા (વાર્ષિક પાઠ) માટે નિયુક્ત ચેરમેનશ્રીઓ/પરીક્ષકશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ સારૂં.